ગામ નમુના નં.૬ ની નોંધ "રદ" કરવાની પ્રથા બંધ કરીને જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૩૫(ધ) અને નિયમ-૧૦૭ અનુસાર નોંધના નિર્ણય કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ હકપ/૧૦૨૦૧૩/૫૬૬૪/જ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૭/ ૨ /૨૦૧૪

વંચાણમાં લીધાઃ-

(૧) જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૧૩૫(ધ) અને નિયમ-૧૦૭.

(૨) મ.વિ.ના તા.૧/૧૨/૨003 ના ઠરાવ ક્રમાંકઃ હકપ/૧૦૨003/ ૨૭૨૭/જ.

પરિપત્રઃ-

પ્રસ્તુત વિષયના સંદર્ભના વંચાણ(૧) અને (૨) માં દર્શાવેલ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૩૫(ધ) અને નિયમ-૧૦૭ ની પ્રસ્થાપિત જોગવાઇઓ અનુસાર જમીન દફતર કોમ્પ્યુટરાઇઝેશન હકક પત્રકમાં દાખલ કરવામાં આવતી નોંધ પ્રમાણિત કરવાની સત્તા મામલતદારના અવલ કારકુનના દરજજા કરતા ઉતરતા દરજજાના ન હોય એવા મહેસુલી અધિકારીઓને છે.

રાજયના દરેક જિલ્લાના વિવિધ તાલુકાઓની મુલાકાત / તપાસણી તથા જમીન દફતર કોમ્પ્યુટરાઇઝેશન હકક પત્રકમાં દાખલ કરવામાં આવતી નોંધો સંબંધી કામગીરીની ચકાસણી દરમિયાન જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૩૫(ધ) અને નિયમ-૧૦૭ની પ્રસ્થાપિત જોગવાઇઓનો ચુસ્તપણે અમલ થતો ન હોવાની બાબત ધ્યાન પર આવેલ છે.

જમીન દફતર કોમ્પ્યુટરાઇઝેશન હકક પત્રક નોંધોના નિકાલમાં નિયમિતતા, નિયમસરતા અને સમયસરતા જળવાઇ રહે તે માટે

સરકારશ્રી ધ્વારા વિવિધ ઠરાવ / પરિપત્ર અને ઇ-ધરા મેન્યુઅલ જાન્યુઆરી-૨૦૧૨ માં પણ સ્પષ્ટ જોગવાઇઓ થયેલ છે. તેમ છતાં મહેસુલી કચેરીઓની તપાસણી દરમિયાન વિવિધ પ્રકારની ક્ષતિઓ ધ્યાને આવે છે. જેમાં ક્ષુલ્લક કારણો આગળ ધરી મોટા પ્રમાણમાં નોંધો રદ કરવામાં આવતી હોવાનું જોવા મળેલ છે. આના કારણે ગુંચવણભરી કાયદાકીય પરિસ્થિતિઓ ઉદ્દભવતાં અરજદારોની હાલાકીમાં વધારો અને રદ થયેલ નોંધો ફરી ફરીને પડતી હોવાથી તંત્રની કામગીરીમાં અમર્યાદ વધારો થતો હોવાનું જણાયેલ છે. નોંધ રદ કરવા સંબંધે મુખ્યત્વે નોંધના લખાણ કે વિગતોમાં ક્ષતિ હોવી, પુરતા પુરાવા રજુ થયેલ ન હોવા તેમજ અન્ય તાલુકાના ખાતેદાર બાબતે સંબંધિત મામલતદારશ્રી તરફથી ખેડૂત ખાતેદાર હોવાની ખરાઇ થઇને આવેલ ન હોવા જેવા કારણો રજુ થતા હોય છે.

કાયદાકીય જોગવાઇ અનુસાર નોંધના આધાર ફાઇલના કાગળો ચકાસી નોંધ "પ્રમાણિત" કે "નામંજુર" ના નિર્ણય કરવાના હોય છે. હાલની સ્થિતએ જોતાં ઇ-ધરાના વેબ ભુલેખ-વિન ભૂલેખ સોફટવેરમાં નોંધોના સ્ટ્રકચર તૈયાર કરવામાં આવેલ છે. જેમાં માત્ર વિગતો જ ભરવાની રહે છે. ઇ-ધરા મેન્યુઅલમાં દર્શાવ્યા મુજબ ફેરફાર નોંધ માટેની અરજી તમામ આધાર-પૂરાવા સાથેની જ સ્વીકારવાની હોય છે. તે માટે નિયત ફોર્મ અને પુરાવાનું ચેકલીસ્ટ અરજદારને ઉપલબ્ધ કરાવવાનું હોય છે. તેથી તે મુજબ ચકાસણી કરી અરજી સ્વીકારવામાં આવે તો ખુટતા પુરાવાના કારણે નોંધ "રદ" કરવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય એ રીતે મૂળના ખેડૂત હોવાની ખરાઇ માટે સંબંધિત મામલતદારશ્રીને મોકલવામાં આવતા રેફરન્સ પરત્વે મહેસુલ વિભાગના તા.૨૬/૧૨/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ ગણત/૨૬૯૯/૪૩૪૩/ઝ મુજબ સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવાની જે તે મામલતદારશ્રીની ફરજ છે અને તે મુજબ કરે તો મામલતદારશ્રીનો અભિપ્રાય ન મળવાના કારણે રદ થતી નોંધોના પ્રસંગ પણ નિવારી શકાય તેમ છે. આમ, ઉપરોકત ક્ષતિઓનુ નિવારણ થાય તે રીતે કામગીરી મામલતદાર કચેરીઓમાં થાય અને નોંધો "રદ" કરવાની પ્રથા સદંતર બંધ થાય તે જરૂરી છે.

ઉપરોકત હકીકત જોતાં નોંધ "રદ" કરવા અંગેનુ કોઇ વાજબી કારણ રહેતુ નથી તથા "નામંજુર" થયેલ નોંધ અંગે અરજદારને અસંતોષ

હોય તો અપીલના ઉપાયની જોગવાઇ રહેલી છે. વાસ્તે, વંચાણ લીધેલ કાયદાકીય જોગવાઇઓમાં ફેરફાર નોંધને રદ કરવાનો સમાવેશ ન હોવાના કારણે તેમજ સમગ્ર રાજયમાં ફેરફાર નોંધોના નિકાલ અંગે એકસૂત્રતા જળવાઇ રહે અને ન્યાયની અદાલતોમાં બિનજરૂરી દાવાઓ ઉપસ્થિત ન થાય તે સારૂ સક્ષમ સત્તા અધિકારીઓએ કોઇપણ ફેરફાર નોંધ અંગે "રદ" નો નિર્ણય ન કરતા આધાર ફાઇલના કાગળોની યથાર્થતા ચકાસી "પ્રમાણિત" કે "નામંજુર" એ બેમાંથી જ કોઇ એક યોગ્ય નિર્ણય કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે યોગ્ય નિયંત્રણ અને દેખરેખ રાખવા તેમજ ઉપરોકત સુચનાઓનો તાલુકા કક્ષાએ ચુસ્તપણે અમલ થાય તેની કાળજી રાખવા તમામ કલેકટરશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરિષ કે. પ્રજાપતિ)
ઉપસચિવ (જ.સુ.),
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, મહેસુલના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસુલ), મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સુ.) અને કમિશ્નરશ્રી, જમીન સુધારણા, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસુલી તપાસણી કમિશ્નરશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વિવાદ), મહેસુલ વિવાદની કચેરી, પોલીટેકનીક કમ્પાઉન્ડ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસુલ પંચ, લાલ દરવાજા, અમદાવાદ.

- સર્વે કલેકટરશ્રી (તાબાના તમામ પ્રાંત/મામલતદાર/સર્કલ ઓફિસરને જાણ કરવાની વિનંતી સહ).
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી,
- સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, જુના સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, જુના સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રોજેકટ ઓફીસરશ્રી, કોમ્પ્યુટરાઇઝેશન યુનીટ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (મહેસુલ વિભાગની વેબ-સાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ)
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અ, અ.૧, લ, લ.૧, ગ, ઝ, છ, હ, હ.૧, ક, બ અને બ.૧ શાખા, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.